# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 09-07-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-ઓસ્ટ્રેલિયા મુલાકાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇન્ડોનેશિયાની ત્રણ દિવસની સફળ મુલાકાત પૂર્ણ કર્યા પછી ઓસ્ટ્રેલિયા જવા રવાના થયા. ઓસ્ટ્રેલિયાની તેમની ત્રણ દિવસની મુલાકાત દરમિયાન, શ્રી મોદી મેલબોર્નમાં તેમના સમકક્ષ એન્થોની અલ્બેનીસ સાથે ત્રીજા ભારત-ઓસ્ટ્રેલિયા વાર્ષિક સમિટમાં ભાગ લેશે.**

**-------------------------------------------------------------------------------------------**

## ગૃહમંત્રી દ્વારા વરસાદની સ્થિતિ અંગે ચર્ચા:

**રાજ્યમાં વરસાદના કારણે સર્જાયેલી સ્થિતિને પહોંચી વળવા રાહત અને બચાવકાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોન પર વાત કરીને રાજ્યમાં ભારે વરસાદ, પાણી ભરાવવાની પરિસ્થિતિ, રાહત અને બચાવ કામગીરી તથા લોકોની સલામતી સુનિશ્ચિત કરવા અંગે ચર્ચા કરી. શ્રી શાહે કહ્યું, કેન્દ્ર સરકાર રાજ્યમાં વરસાદની સ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે અને સરકાર સાથે સતત સંપર્કમાં છે. કેન્દ્ર સરકાર દ્વારા શક્ય તમામ રાહત અને સહાય પૂરી પાડવાની પણ શ્રી શાહે ખાતરી આપી.**

**-------------------------------------------------------------------------------------------**

## નાયબ મુખ્યમંત્રી દ્વારા પોલીસ વિભાગમાં ભરતીની જાહેરાત:

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વર્ષ 2033 સુધીમાં પોલીસ વિભાગમાં 50 હજાર ભરતી કરવાની જાહેરાત કરી. ગાંધીનગરમાં 449 નવનિયુક્ત બિનહથિયારી પોલીસ સબ-ઇન્સ્પેક્ટરના**

નિમણૂકપત્ર એનાયત સમારોહને સંબોધતા શ્રી સંઘવીએ કહ્યું, ભરતીની તૈયારી કરતા ઉમેદવારો માટે તમામ જિલ્લા પોલીસ વડામથકના મેદાન ખૂલ્લા મુકાયા છે, જ્યાં ઉમેદવારો શારીરિક કસોટીની તૈયારી કરી શકશે.

-----------------------------------------------------------------------------------------------

## પ્રવક્તામંત્રી-યાંત્રિક હોડીમાં કર રાહત:

રાજ્યના તમામ માછીમારોને યાંત્રિક હોડીમાં ઉપયોગમાં લેવાતા ડીઝલ પર પ્રતિલિટર મહત્તમ **15** રૂપિયા સુધીના મૂલ્યવર્ધિત કર – વેટ રાહત અપાશે. આ સાથે હોડીની **20** મીટરની મર્યાદા નાબૂદ કરવામાં આવી. ગાંધીનગરમાં રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા આ નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, આ નિર્ણયથી રાજ્યની **18** હજારથી વધુ યાંત્રિક હોડીને લાભ થશે. તેમણે વેટ રાહત મેળવવા હોડીની રિયલ ક્રાફ્ટ પોર્ટલ પર નોંધણી અને માછીમારીના પરવાના મેળવવાના બાકી હોય તો તે પૂર્ણ કરવા અનુરોધ કર્યો.

-----------------------------------------------------------------------------------------------

## જિલ્લામાં તંત્ર દ્વારા ગેર-કાયદેસર દબાણ હટાવાયા:

કચ્છ જિલ્લા કલેક્ટરના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં અત્યાર સુધીના સમયગાળા દરમિયાન સમગ્ર જિલ્લા વહિવટીતંત્રના સંકલનમાં રહી પોલીસ વિભાગ, ફોરેસ્ટ વિભાગ, પ્રાંત અધિકારીશ્રીઓ તથા વિવિધ તાલુકાના મામલતદારો દ્વારા સંયુક્ત રીતે ગેરકાયદેસર દબાણ હટાવવાની ઝુંબેશરૂપ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી અંતર્ગત જિલ્લાના ૧૦ તાલુકાઓમાં કુલ ૧૫૪ ગેરકાયદેસર દબાણો દૂર કરીને ૨ લાખ ૩૭ હજાર ચોરસ મીટર સરકારી જમીન દબાણ મુક્ત કરાવવામાં આવી છે, જેની અંદાજિત કિંમત રૂ. ૧૭ કરોડ ૮૬ લાખ જેટલી થાય છે.

-----------------------------------------------------------------------------------------------

## રાજ્ય અને કચ્છમાં વરસાદનો અહેવાલ:

**રાજ્યમાં આગામી 24 કલાક વરસાદનું જોર ઘટશે. આ સાથે મહત્તમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ જોવા મળશે નહીં. જોકે, આજે દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદને લઈ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં નવસારી, તાપી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.**

**દરમ્યાન કચ્છ જીલ્લામાં સાર્વત્રિક વરસાદની રાહ વચ્ચે જિલ્લા કંટ્રોલ રૂમ પરથી મળતી માહિતી મુજબ ક્યાંય પણ વરસાદ વરસ્યાના અહેવાલ નથી.**

**હવામાન વિભાગના જણાવ્યા અનુસાર,રાજ્યમાં અત્યાર સુધીનો 6% ઓછો વરસાદ થયો છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં અત્યાર સુધીનો સરેરાશ 18% ઓછો વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાતમાં સામાન્ય કરતા અત્યાર સુધીમાં 5% વધુ વરસાદ નોંધાયો હતો.**

---

## રાષ્ટ્રીય બાળ પુરસ્કાર માટે અરજી:

**કચ્છમાં રમતગમત, વિજ્ઞાન, કલા, સમાજસેવા, પર્યાવરણ કે બહાદુરીના ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા બાળકો માટે દેશના સર્વોચ્ચ બાળ સન્માન સુધી પહોંચવાની સુવર્ણ તક છે. ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ-2026 માટે ‘પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર’ માટે ઓનલાઈન નોમિનેશન પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.**

**આગામી 31 જુલાઈ સુધી રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ પર લાયકાત ધરાવતા 5 થી 18 વર્ષ સુધીની વયના બાળકો આરજી કરી શકશે.**

**વિજેતાઓના નામ દર વર્ષે 26 ડિસેમ્બરે ‘વીર બાળ દિવસ’ નિમિત્તે જાહેર કરવામાં આવે છે. વધુ માહિતી માટે જિલ્લા બાળ સુરક્ષા એકમ, બહુમાળી ભવન ખાતે સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયુ છે.**

---

# વિશ્વ વસ્તી દિવસની ઉજવણી:

ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા ગુજરાત રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના માર્ગદર્શન હેઠળ વિશ્વ વસ્તી દિવસ-2026ની ઉજવણી અંતર્ગત સમગ્ર રાજ્યની સાથે જિલ્લામાં પણ તા. 11 જુલાઈથી 18 જુલાઈ દરમિયાન પરિવાર કલ્યાણ પખવાડિયાનું આયોજન કરવામાં આવ્યું છે.

જે અંર્તગત જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરો, આરોગ્ય ઉપકેન્દ્રો તેમજ શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------